
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સુરત-નવસારી ટ્વીન સિટી અંતર્ગત રૂપિયા 945.92 કરોડના ખર્ચે

# સુરતથી નવસારી 6 લેન હાઈસ્પીડ રોડ બનશે




**કેન્દ્રીય** મંત્રી સીઆર. પાટીલ અને ધારાસભ્ય સંદિપ દેસાઈની રજૂઆતને પગલે 24 માસમાં કામગીરી પૂરી કરવા ટેન્ડર ઈશ્યુ કરાયું

**ચોમાસા** પછી કામગીરી શરૂ થશે, પારડી કણદેથી એલિવેટેડ બ્રિજ બનાવીને સચિન બાયપાસ કરાશે

સુરત: વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સુરત-નવસારી ટ્વીન સિટી અંતર્ગત સુરત-નવસારી વચ્ચે 945 કરોડના ખર્ચે 6-લેન હાઈસ્પીડ કોરિડોરને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લીલીઝંડી આપી છે. હાલના પલસાણા હાઈવે પર પારડી કણદેથી એલિવેટેડ બ્રિજ બનાવીને સચિનને બાયપાસ કરવામાં આવશે અને ત્યાંથી આ હાઈસ્પીડ કોરિડોર

...અનુસંધાન પાના 11 પર

### ટેન્ડર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાઇ,ચોમાસા પછી કામગીરી વેગ પકડશે

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ પ્રોજેક્ટ માટેના ટેન્ડર જારી કરી દેવામાં આવ્યા છે. ટેન્ડર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાઇ,ચોમાસા પછી કામગીરી વેગ પકડશે. ટેન્ડરિંગ પ્રક્રિયા અને એજન્સીની નિમણૂક બાદ ચોમાસું પૂર્ણ થતાની સાથે જ રસ્તાની કામગીરી શરૂ કરી દેવામાં આવશે. આ પ્રોજેક્ટની જટિલતા અને એલિવેટેડ કોરિડોરના નિર્માણને જોતા આ કામગીરી પૂર્ણ કરવા માટે 24 મહિનાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.

### ચોર્યાસી તાલુકાના લાજપોર, સચિન, કપલેથા અને પોપડા ગામની જમીન સંપાદન કરાશે

હાઈસ્પીડ કોરિડોર માટે 6 -લેન રોડ અને એલિવેટેડ કોરિડોરના નિર્માણ માટે ચોર્યાસી તાલુકાના લાજપોર, સચિન, કપલેથા, પોપડા ગામની જમીન સંપાદન કરવાની

...અનુસંધાન પાના 11 પર

### આ હાઈસ્પીડ કોરિડોર નવસારી, બીલીમોરા અને ગણદેવીને પણ ભવિષ્યમાં સુરત સાથે જોડશે

ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, આ હાઈસ્પીડ કોરિડોર માત્ર સુરત-નવસારી પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે સમગ્ર દક્ષિણ ગુજરાતની

...અનુસંધાન પાના 11 પર

### શું છે સુરત - મુંબઈ ટ્વીન સિટી 6-લેન હાઈસ્પીડ કોરિડોર પ્રોજેક્ટની વિશેષતાઓ

- 14 કિમી.નો સુરત-સચિન-નવસારી રોડ અંડર હાઈસ્પીડ કોરીડોર સ્કીમ ફ્રોમ 4- લેન ટુ 6-લેન પ્રોજેક્ટનું કામ સુરત અને નવસારી માર્ગ અને મકાન વિભાગ કરશે.
- રાજ્ય સરકારે 945.82 કરોડની વહીવટી મંજુરીનો પત્ર મોકલી આપ્યો છે. રોડ તેમજ એલિવેટેડ કોરીડોર પાછળ રૂ.638.57 કરોડનો ખર્ચ થશેમ
- જમીન સંપાદન, યુટીલીટી તથા અન્ય સુવિધાઓ માટે 277.71 કરોડનો ખર્ચ થશે.
- એલિવેટેડ કોરિડોર:સુડા બાયપાસ રસ્તા ઉપર 1.9

...અનુસંધાન પાના 11 પર

પિતા અને પુત્રીના પવિત્ર સંબંધો પર કુઠરાઘાત

# પિતાનો જ 12 વર્ષની સગી પુત્રી પર બળાત્કાર

**અંકલેશ્વરમાં** જામનગરથી રોજગારી માટે આવેલા પરિવારમાં પિતા નરાધમ બન્યો

**પોલીસે** પોક્સો હેઠળ ગુનો નોંધી નરાધમ પિતાની ધરપકડ કરી

અંકલેશ્વર: ભરૂચ જિલ્લામાં બાળકી સામેના અત્યંત ગંભીર ગુનાઓમાં વધુ એક ચોંકાવનારો કિસ્સો અંકલેશ્વર પંથકમાંથી સામે આવ્યો છે, જેમાં સગા પિતાએ જ પોતાની ૧૨ વર્ષની સગીર દીકરી પર દુષ્કર્મ આચરી તેને દોઢ માસની ગર્ભવતી બનાવી દીધી હોવાની ઘટના પ્રકાશમાં આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ જામનગરથી રોજગારી અર્થે અંકલેશ્વર વિસ્તારમાં આવેલા એક પરિવારે ભાડાના

...અનુસંધાન પાના 11 પર

psj પચ્ચીગર એન્ડ સન્સ જવેલર્સ (સ્નેહલભાઈ)
સૌથી ઓછો ભાવ, સૌથી ઓછી મજુરી
22 Kt (916) સોનાનો આજનો ભાવ
₹131500/- પ્રતિ ૧૦ ગ્રામ
* શરતોને આધિન
ઘડામણ ફક્ત 7% થી શરૂ
૭ ખાંડવાલા એસ્ટેટ, આસોપાલવની બાજુમાં, પાર્લે પોઈન્ટ, સુરત.
MO : 98251 35630

# યુદ્ધની અસરથી કાપ: વીવિંગ યુનિટો બાર કલાકની એક જ પાળી ચલાવશે

12 કલાકની એક પાળી ચલાવવાનો સર્વાનુમતે નિર્ણય

**કામદારોની** રોજી-રોટી બચાવવા પ્રયત્ન: અશોક જીરાવાળા



ફોગવાની સભામાં આ મુખ્ય વિવિંગ સંગઠનોના આગેવાનો, વિવર્સ હાજર રહ્યાં

- રેપિયર જેકાર્ડ વિવર એસો.
- સુરત એરજેટ વિવર એસો.
- વોટરજેટ વિવર્સ એસો.
- લસકાણા વિવર એસો.
- કિમ પીપોદરા વિવર્સ એસો.
- બમરોલી વિવર્સ એસો.
- પાંડેસરા વિવર્સ એસો.
- જોળવા વિવર્સ એસો.
- સચિન હોજીવાલા એસો.
- પરબ-ઊંભેળ વિવર એસો.
- સાયણ વિવર એસો.

સુરતઃ મિડલ ઈસ્ટના દેશોમાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિની સીધી અસર સુરતની કાપડ ઉદ્યોગ પર જોવા મળી રહી છે. આ સંજોગોમાં ઉદ્યોગને ઓછામાં ઓછું નુકસાન થાય અને કામદારોની રોજી-રોટી જળવાઈ રહે તે હેતુસર સુરતની વિવિંગ ઈન્ડસ્ટ્રીમાં પ્રોડક્શન કાપ મૂકવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલફેર એસો. (ફોગવા) ના પ્રમુખ અશોક જીરાવાળાની આગેવાનીમાં આજે શહેરના વિવિધ વિસ્તારોના મુખ્ય વિવિંગ સંગઠનોના આગેવાનો અને વિવર્સ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જીરાવાળાએ જણાવ્યું હતું કે વિવર્સ પાસેથી ગૂગલ ફોર્મ મારફતે રિવ્યૂ માંગવામાં આવ્યા હતા, જેના આધારે વિવિધ એસો.ો સાથે ચર્ચા કર્યા બાદ સર્વાનુમતે નિર્ણય

...અનુસંધાન પાના 11 પર

## પાલીગામમાં માતાને જોવા જતાં અઢી વર્ષની બાળકીનું ત્રીજા માળેથી પટકાતાં મોત

સુરતઃ પાલીગામમાં કચરો ફેંકવા ગયેલી માતાને જોવા માટે બારી પર ચડેલી અઢી વર્ષની બાળકીનું ત્રીજા માળેથી પટકાતાં મોત થયું હતું.

મૂળ ઉત્તરપ્રદેશના વતની અરુણભાઈ ચૌહાણ હાલ સચિન પાલીગામમાં આવેલા ન્યુ કૈલાશનગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે અને ઈલેક્ટ્રિશિયન તરીકે કામ કરે છે. સોમવારે સવારે તેની અઢી વર્ષની પુત્રી એશ્વી ઘરમાં રમી રહી હતી. દરમિયાન કચરાની ગાડી આવતા તેની માતા ઘરની નીચે કચરો નાખવા માટે ગઈ હતી. ત્યારે માતાને જોવા માટે એશ્વી બારીના ભાગે ચઢી ગઈ હતી. દરમિયાન અકસ્માતે તે નીચે પડી ગઈ હતી. તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ એશ્વીનું મોત નીપજ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ઘટનામાં માતા પોતાની દીકરીનું ધ્યાન રાખવાનું ભૂલી જતાં ઘટના બની હતી.

SEBA SURAT EAST BUILDERS ASSOCIATION PRESENTS
HĀLO PROPERTY EXPO
24 25 26 APRIL 2026
હાલો.. મિલકતના મહાકુંભમાં
સ્ટોલ બુકિંગ ઓપન
BOOK NOW
95109 57399
80007 21598
98792 79246
1,00,000+ ચો.ફુટ AC હેંગર
2,00,000+ વિઝિટર્સ
179 પ્રીમિયમ એક્ઝિબિટર્સ
TITLE PARTNERS
anthems & GOPIN DEVELOPERS SINCERELY YOURS
POWERED BY
JE J EKLERA
GOLD PARTNERS
DEVAM
TAPI REALTY
ASSOCIATE PARTNERS
ROYAL ETHICS
LIBERTY
પ્રમુખ ABC
DWARKESH
Italic
PLATINUM PARTNERS
GOPINATHJI GROUP
શ્યામ GROUP
CO-PARTNERS
દેવમ
ALPINE
Nirmavi
PRAGATI
SEASONS
Avadh
atmira
ANANTA HEIGHTS
Niketan
VRAJ
સ્થળ : એન્થમ સર્કલ, વલથાણ - પુણાગામ કેનાલ રોડ, આઉટર રિંગ રોડ, સુરત
SEBA એટલે સુરતનો સૂર્યોદય

# દ.ગુ.માં આજે શેરડીના ભાવ નક્કી થશે

**કેવડિયા** ખાતે મળેલી ખાંડ ઉદ્યોગ સંઘની બેઠકમાં ખાંડની સ્ટોક વેલ્યુ 3700 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી થઈ હતી

**3650થી** 3900 રૂપિયા પ્રતિ ટન ભાવ રહેવાની શક્યતા, સ્ટોક વેલ્યુની આસપાસ જ પ્રતિ ટન શેરડીના ભાવ નક્કી થતા હોય છે

### શેરડીની તમામ રકમ ખેડૂતોને 28 મહિને મળે છે

સૌથી મહત્વની બાબત એ છે કે શેરડીની તમામ રકમ ખેડૂતોને 28 મહિને મળી રહે છે. વધતી જતી મોંઘવારીમાં આ રીતે પેમેન્ટ હવે ખેડૂતોને પોષાય તેમ નથી. રોકડિયા પાકમાં ખેડૂત ઘાસચારા તરીકે શેરડી આપે તો પ્રતિ ટન 3000 રૂપિયામાં પડે છે અને તે વર્ષમાં બે વખત પાક લે તો તેને વર્ષમાં 6 હજાર રૂપિયા પ્રતિ ટન રોકડા મળી જાય છે. ઉપરાંત ગોળના કોલાવાળા પણ હવે તો 4000થી વધુના ભાવ રોકડમાં આપે છે. ત્યારે સુગર મિલો આ પેમેન્ટ બાબતે પણ વિચાર કરે તે જરૂરી બની ગયું છે.

### કોમર્શિયલ ધોરણે 70 ટકા ખાંડનો વપરાશ

ખાંડના ભાવ સરકારના નિયંત્રણમાં છે. મહત્ત્વની બાબત એ છે કે ઘરેલુ વપરાશમાં ખાંડ માત્ર 30 ટકા ખાંડનો ઉપયોગ થાય છે. જ્યારે કોમર્શિયલ ધોરણે 70 ટકા ખાંડ વપરાય છે. તમામ ક્ષેત્રને આ જ ભાવે ખાંડ મળી રહી છે. હાલમાં ખાંડની MSC 31 રૂપિયા પ્રતિ કિલો છે. જે 50 થવી હોય તો જ ખેડૂતોને ફાયદો થઈ શકે એમ છે. કેન્દ્રમાં અને રાજ્યમાં ભાજપ સરકાર ઉપરાંત તમામ સુગર મિલોના ચેરમેનો અને ડિરેક્ટરો પણ ભાજપ સાથે જોડાયેલા છે. ત્યારે તેઓ પણ આ સમસ્યાનો નિકાલ લાવવા સરકારમાં યોગ્ય રજૂઆત કરે તેવી માગ ખેડૂતો કરી રહ્યા છે.



બારડોલી: બારડોલી સહિત દક્ષિણ ગુજરાતની સહકારી મંડળીઓ મંગળવારના રોજ શેરડીના ટન દીઠ ભાવ નક્કી કરશે. ચાલુ વર્ષે 3650થી 3900 રૂપિયા પ્રતિ ટનની વચ્ચે ભાવ ખેડૂતોને મળે તેવી સંભાવના છે. જો કે, 2022માં ખેડૂતોની આવક ડબલ કરવાની સરકારની વાતો 2026માં પણ પોકળ સાબિત થવાની છે.

દર વર્ષે 31મી માર્ચની દક્ષિણ ગુજરાતના શેરડી પકવતા ખેડૂતો આતુરતાથી રાહ જોતા હોય છે. આ દિવસે ખેડૂતોએ સુગર મિલોને આપેલી શેરડીના ટન દીઠ ભાવ નક્કી કરવામાં આવે છે. ગત શુક્રવારના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી

...અનુસંધાન પાના 11 પર

### સુગર મિલોના સરેરાશ ખર્ચ અને આવકની અંદાજિત સ્થિતિ

સુગર મિલોને ખાંડના વેચાણમાંથી 3870થી 3900 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત ખાંડની રિકવરીના 340 રૂપિયા, બગાસના 240 રૂપિયા પ્રતિટન, મોલસિસના 670 રૂપિયા પ્રતિ ટન, પેસ મડના 4 રૂપિયા પ્રતિ ટન, અન્ય આવક 100 રૂપિયા પ્રતિ ટન, ડિસ્ટલરી પ્લાન્ટના 120થી 160 રૂપિયા પ્રતિ ટન, બિન મંજૂરી સભાસદોના 150 રૂપિયા પ્રતિ ટન મળી કુલ આવક અંદાજિત 5500 રૂપિયા પ્રતિ ટન થાય છે. જેની સામે 750 રૂપિયા વાહતુક ખર્ચ, 750 રૂપિયા કર્મચારી પગાર અને 100 રૂપિયા ઘસારો પ્રતિ ટન મળી કુલ ખર્ચ 1600 રૂપિયા પ્રતિ ટન આવે છે. આમ, અંદાજિત સરેરાશ 3900

...અનુસંધાન પાના 11 પર

લેઉવા પાટીદાર અવસાન

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી શાંતાબેન સીતારામભાઈ પટેલનું તા.૩૦-૦૩-૨૦૨૬ને સોમવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થનાસભા તા.૦૧-૦૪-૨૦૨૬ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે જે.એમ.કે.પાટીદાર હોલ ખાતે રાખેલ છે. (લૌકિક રિવાજ બંધ છે.)
લિ.
પંકજભાઈ સીતારામભાઈ પટેલ — રંજનબેન પંકજભાઈ પટેલ
અશોકભાઈ સીતારામભાઈ પટેલ — વનીતાબેન અશોકભાઈ પટેલ
હર્ષદભાઈ સીતારામભાઈ પટેલ — મધુબેન હર્ષદભાઈ પટેલ
નિવાસ સ્થાન : મુ.પો.ઉમરાખ, તા.બારડોલી, જી.સુરત
પિયર પક્ષ (ગામ - બગુમરા, તા.પલસાણા)
શાંતિલાલભાઈ કલ્યાણજીભાઈ પટેલ — રમણભાઈ કલ્યાણજીભાઈ પટેલ
સ્વ.શાંતાબેન સીતારામભાઈ પટેલ
સ્વ.તા.૩૦-૦૩-૨૦૨૬
ગામ - ઉમરાખ

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ મિત્રને અશ્રુભીની શ્રદ્ધાંજલિ

સમય જીંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે તે ક્યાં ખબર હતી?
નાની જીંદગી પણ મોટી માયા લગાડી ગયા તમે,
પણ મન હજી માનતુ નથી કે તું અમારી વચ્ચે નથી.
મારા પરમ મિત્ર તારી વિદાય ને એક વર્ષ પુરુ થયું,
છતાં આજે પણ તારી યાદમાં અમારી આંખો જાગે છે
પ્રભુ તારા દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે
પ્રથમ પૂણ્યતિથિએ અશ્રુભીની શ્રધ્ધાંજલિ પાઠવીએ છીએ.
લિ. દિહેણ ગામે રહેતા
શોકમાં ડુબેલા તારા પરમ મિત્રનો પરિવાર.
સંદિપભાઈ પી. પટેલ
અ.સૌ. અસ્મિતા એસ. પટેલ
'ચેતનદાદુ' ના અતિ વહાલા
'ચિ. તક્ષ પટેલ' ના જય જલારામ
સ્વ. ચેતનકુમાર ભાસ્કરભાઈ પટેલ
સ્વ. તા : ૩૧/૦૩/૨૦૨૫
સિવાણ, તા. ઓલપાડ

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

કોણ કહે છે તમે નથી રહ્યા ?
અમારા નામની પાછળ નામમાં, અમારી નસમાં વહેતાં લોહીમાં,
અમારી આંખના આંસુમાં, અમારા ચહેરાના આકારમાં,
અમારી યાદો અને સમજણમાં આપ આજે પણ છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
નકુલભાઈ હરીશભાઈ પટેલ (પુત્ર) — જૈમિનીબેન નકુલભાઈ પટેલ (પુત્રવધુ)
દિવ્યેશકુમાર હસમુખભાઈ પટેલ (જમાઈ) — અલ્પાબેન દિવ્યેશકુમાર પટેલ (પુત્રી)
અમીતકુમાર ડાહ્યાભાઈ પટેલ (જમાઈ) — શિલ્પાબેન અમીતકુમાર પટેલ (પુત્રી)
વિર - ધાની - નિવા - અનાયા
સ્વ. હરીશભાઈ રામુભાઈ પટેલ
સ્વ. તા. ૩૧-૦૩-૨૦૨૫
ગામ : કાસલાખુર્દ, તા.ઓલપાડ, જિ.સુરત.
નિવાસસ્થાન : ૨૫૫, કૃષ્ણકુંજ સોસાયટી, શેરી નંબર - ૧૨, પાલનપુર રોડ, સુરત.

૧૬મી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

ભકિત તમે કરી પુણ્ય અમને મળ્યા, સંઘર્ષ તમે કર્યો સુખ સૌને આપ્યા, આપવુ એજ આપનો જીવન મંત્ર હતો, લઈ શું ગયા તમે? આપી ગયા આશીર્વાદ, આપના આશીર્વાદથી અમો સમૃધ્ધ થયા, આપના જેવા પરોપકારી મળ્યા એજ અમારૂં ભાગ્ય છે. પ્રભુ તમારા દિવ્ય આત્માનેશાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના.
લિ.
ભીખુભાઈ હીરાભાઈ પટેલ — મંજુલાબેન ભીખુભાઈ પટેલ
મિલન ભીખુભાઈ પટેલ — શ્રધ્ધા મિલનભાઈ પટેલ
તપન ભીખુભાઈ પટેલ — શેલિની તપનભાઈ પટેલ
નયન ભીખુભાઈ પટેલ — શ્રીયા નયનભાઈ પટેલ
સ્વ.પ્રેમજીભાઈ હીરાભાઈ પટેલ
જય પ્રેમજીભાઈ પટેલ
નૈન, કુંજ, ક્રિયા, રીહાના, ક્રીશા તથા સમસ્ત પરિવાર
સ્વ. કીકીબેન હીરાભાઈ પટેલ
સ્વ. તા. ૩૧-૦૩-૨૦૧૦
નિવાસ્થાન : કામિની હાઉસ, રૂંઢ - મગદલ્લા, સુરત.

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. હેમંત મણીલાલ નાવિક
(એડવોકેટ)
ખાલી પડી ગઈ છે આજે અમારી મિત્રતાની મહેફિલ,
તમારો અવાજ આજે પણ કાનમાં ગૂંજાય છે,
દરેક યાદમાં તમારો ચહેરો સ્પષ્ટ દેખાય છે...
તમે દૂર ગયા નથી મિત્ર, દિલમાં વસેલા છો હંમેશા,
શોકાતુર
ભૂપેન્દ્રભાઈ પુનાવાલા, ઉદયભાઈ પટેલ, ગગજીભાઈ ભરવાડ, કમલેશભાઈ માલી, જાવેદ મુલતાની, રમેશભાઈ મકવાણા
અરુણભાઈ પટેલ, કમલેશભાઈ રાવલ, સંજયભાઈ ધોરાજીયા, રાકેશભાઈ પુરાણી, અલ્પેશભાઈ ઠક્કર, પ્રકાશભાઈ ડાભી
વિજયભાઈ રાઠોડ, પ્રમોદભાઈ હિંગુ, પ્રતીક જોશી, રાજુ રાજપુત, ભાવનિશ દેસાઈ (APP), મનીષ રાણપરા (APP)
કે કે લાઠીયા, અક્ષય ગાંગાણી, હિમાંશુ પટેલ, શીતલસિંહ ધાકરે (APP), પવન શાહ (APP)
એડવોકેટસ
એસેમ્બલી ટી પોઈન્ટ તરફથી ભાવભીની શ્રદ્ધાંજલિ

સુરતી મોઢ વણીક અવસાન

સ્વ. અંકુર ધીરજલાલ ચાહવાલા
(સ્વ. તા. 29-03-2026, રવિવાર)
અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે, મારા સુપુત્ર અંકુર ધીરજલાલ ચાહવાલા તા. 29-03-2026ના રોજ દેવલોક પામ્યા છે. જેમની અંતિમયાત્રા તા. 31-03-2026ના રોજ સવારે 09.30 કલાકે તેમના નિવાસસ્થાનેથી નીકળી ઉમરા સ્મશાનભૂમિ જશે.
સદગતનું બેસણું તા. 01-04-2026ને બુધવારના રોજ સવારે 09:00 થી 11:00 કલાક દરમિયાન રાખેલ છે.
સ્થળ : સુરતી મોઢ વણીક ભવન, સૂર્યમ રેસીડેન્સી પાસે, પાલ ગામ, સુરત.
લિ.
ધીરજલાલ ચંપકલાલ ચાહવાલા — મધુકાન્તાબેન ધીરજલાલ ચાહવાલા
માનવ અંકુર ચાહવાલા (પુત્ર) — સ્વ. માનસી અંકુર ચાહવાલા
ધર્મિન ધીરજલાલ ચાહવાલા — પ્રીતી ધર્મિન ચાહવાલા
હિતેશકુમાર રજનીકાન્ત તમાકુવાલા — બીના હિતેશકુમાર તમાકુવાલા
તથા સમસ્ત ચાહવાલા પરિવાર
નિવાસસ્થાન : L-1002, જોલી રેસીડેન્સી, વિજયાલક્ષ્મી હોલની બાજુમાં, વેસુ, સુરત.